

## પાલનપુરમાં વરસાદી ઝાપટુ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

હવામાન વિભાગની આગાહીને પગલે પાલનપુરમાં અચાનક મોસમનો મિજાજ બદલાયો હતો. પાલનપુરમાં ભારે ઉકળાટ બાદ અચાનક વરસાદ શરૂ થયો હતો. જોકે, અસહ્ય બફારા બાદ પાલનપુરમાં વરસાદી ઝાપટું પડતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. પાલનપુર શહેરમાં અસહ્ય ઉકળાટ બાદ વરસાદી ઝાપટું પડ્યું હતું. જેમાં શહેરના કીર્તિસ્થંભ, સિટીલાઈટ રોડ, દિલ્હીગેટ અને ડેરીરોડના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા પાલિકાના પ્રિ-મોન્સૂન પ્લાનનો પર્દાફાશ થયો હતો. જોકે, વરસાદી ઝાપટાને પગલે લોકોએ વરસાદની મજા માણી હતી. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.





## જાયન્ટ્સ માલપુર દ્વારા શ્રી પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન કરાયું

પવિત્ર શ્રાવણ માસે ધાર્મિક માહોલમા ગણપતિ મંદિરના પરિસરમાં પ્રજ્ઞા પુત્રી જ્યોતિબહેન દરજી દ્વારા કથા કહેવામાં આવી હતી. ભક્તોને સ્ત્રી સશક્તિકરણમાં બાપને ભૂલશો નહી સન્માન સમારોહ વિવિધ વિષયો ઉપર કથા સેવાયજ્ઞ વિશે સમજાવ્યું હતું. આ કથામાં મગનભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, સખી દાસભાઈ, જાયન્ટ્સ પ્રમુખ સુરેશભાઈ સોની, જાયન્ટ પીપલ ફાઉન્ડેશન ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ, હાલાજી વણઝારા, વિઠ્ઠલભાઈ પટેલ કથાને સફળ બનાવવા માટે ઝુંબેશ ઉઠાવી હતી. માલપુર ભક્તજનોએ જાયન્ટ્સ માલપુરની સરાહના કરી હતી.

# પ્રાંતિજ સહિત તાલુકામાં સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા કેવડાત્રીજનું વ્રત

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા પોતાના પતિના આયુષ્ય માટે કેવડાત્રીજનું વ્રત



કરવામાં આવ્યું હતુ.

આજે ભાદરવા સુદ એટલે કેવડાત્રીજ આજના દિવસે સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે આખો દિવસ નકોરો ઉપવાસ કરી ભગવાન શિવજીની પુજા અર્ચના કરી બીલીપત્ર પુષ્પો અને કેવડો ચડાવે છે. દિવસભર માત્ર કેવડો સુગીને વ્રત કરે છે અને આખી રાત જાગરણ કરે છે. જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં આજે સૌભાગ્યવતી મહિલાઓ કેવડાત્રીજનુ વ્રત કરી ભગવાન શિવજી આગળ પોતાના પતિના આયુષ્ય માટે પ્રાર્થના કરે છે. માતા પાર્વતીજીએ પણ ભગવાન શિવજી સાથે લગ્ન કરવા માટે પોતાની સખીઓ સાથે જંગલમાં જઈ શિવલીંગ બનાવી તેની પુજા કરી બીલીપત્ર પુષ્પ અને કેવડો ચડાવી દિવસભર ઉપવાસ કરી લગ્ન કરવા માટે ભગવાન શિવજીને પ્રસન્ન કરી લગ્નનું વરદાન માગ્યું હતું. મહિલાઓ આમ તો ભગવાન શિવજીની પુજા નથી કરતી પણ આજના એક દિવસ માત્ર સૌભાગ્યવતી સ્ત્રીઓને પુજા કરી શકે છે. તેવું શાસ્ત્રોમાં પણ જણાવ્યું છે જયાંરે પાર્વતીજીએ ભુલથી ભગવાન શિવજીને કેવડો ચડાવ્યો હતો એટલે ભગવાને પ્રેમથી સ્વીકાર પણ કર્યો હતો, ત્યારે પ્રાંતિજ ખાતે સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા તપોધન ફડી ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર તથા ખોડીયાર કુવા ખાતે આવેલ ગણપતિ મંદિર સહિતના શિવ મંદિરોમાં જઈને શિવજીની પુજા અર્ચના કરી હતી.

# પાલનપુરના ગેસ્ટ હાઉસમાં હોટલ માલિકે આપઘાત કરતાં ચકચાર

પાલનપુર કિર્તિસ્તંભ વિસ્તારમાં તાલુકા પંચાયત સામે આવેલા એક ગેસ્ટ હાઉસમાંથી કાણોદરના હોટલના માલિકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે અકસ્માતે મોતનો ગૂનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના કાણોદરના ૪૯ વર્ષીય હોટલ માલિક મિનહાજઅલી મહંમદઅલી પોલરા ગત તારીખ ૨૬ ઓગષ્ટના રોજ પાલનપુર કિર્તિસ્તંભ તાલુકા પંચાયત સામે આવેલા ગેસ્ટ હાઉસમાં ત્રણ દિવસ રૂમ રાખીને રોકાયા હતા. અને ૨૯ તારીખે રૂમ બંધ કરીને અંદર સૂઈ ગયા હતા.

દરમિયાન હોટલના સ્ટાફે શુક્રવારે સાંજે સફાઈ માટે દરવાજો ખખડાવતાં અંદરથી કોઈ જવાબ મળ્યો ન હતો. આથી કંઈક અજુગતું થયું હોવાનું માની હોટલના મેનેજર ચિરાગભાઈ ગોવિંદભાઈ ઠાકોરે દરવાજો તોડી અંદર જોતા મિનહાજઅલીનો મૃતદેહ મોઢામાંથી લોહી તેમજ ફીણ નીકળેલી હાલતમાં મળી આવ્યો હતો.

આ અંગેની જાણ કરવામાં આવતાં પૂર્વ પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મિનહાજઅલીએ ઝેરી પ્રવાહી ગટવટાવી આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ અંગે ગેસ્ટ હાઉસના મેનેજર ચિરાગભાઈ ઠાકોરે જણાવ્યું હતુ કે, મિનહાજઅલીએ પોતે હોટલના માલિક હોવાની ઓળખાણ આપી રૂમ બુક કરાવ્યો હતો. પોલીસે હોટલ મેનેજરની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અરવલ્લી જિલ્લા એસઓજી પોલીસે

# શામળાજીના ગ્રામ્ય વિસ્તારમાંથી બંદૂક સાથે ૧ને દબોચ્યો : ૧ ફરાર

અરવલ્લી જીલ્લાની શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા પ્રમાણમાં અસામાજિક તત્વો ગેરકાયદેસર ચીજવસ્તુઓની હેરાફેરી માટે



ઉપયોગ માં લેતા હોય છે દેશી બંદૂક સાથે અનેક શખ્શો ખુલ્લેઆમ શામળાજી પંથકમાં રખડતા હોવાની અને પોલીસની ઝપટે ચઢ્યા હોવાની અનેક ઘટનાઓ બની છે .

અરવલ્લી જીલ્લા એસઓજી પીએસઆઈ પી.આર.જાડેજા અને તેમની ટીમે જાબ ચિતરીયા ગામની સીમમાંથી દેશી બંદૂક સાથે ફરતા રાજસ્થાનના બે શખ્શો ફરતા હોવાની જાણ થતા તાબડતોડ જાબચિતારીયા પંથકમાં પહોંચી એક શખ્શને બે દેશી બંદૂક સાથે એક શખ્શને દબોચી લીધો હતો અન્ય એક શખ્શ એસઓજીને થાપ આપી નાસી છૂટવામાં સફળ રહેતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

અરવલ્લી જીલ્લા એસઓજી ટીમે શામળાજી નજીક જાબચિતારીયા ગામે ત્રાટકી ગેરકાયદેસર દેશી બંદૂક સાથે ફરતા કાંતિ હરજીલાલ અસારી (રહે, ડેમત આડાઘર,તા-ખેરવાડા,રાજ) ને ઝડપી પાડતા સાથે દેશી બંદૂક સાથે ફરતો શખ્શ બંદૂક મૂકી હાંજા રામા અસારી (રહે,ડેમત) ફરાર થઈ જતા જીલ્લા એસઓજી ટીમે જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી ફરાર શખ્શને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



ગાંધીનગર મનપાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાના દિકરા જયરાજસિંહના થયેલા દુ:ખદ અવસાન અંગે આજે રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અહમદભાઈ પટેલ, પ્રદેશ આગેવાનો સિદ્ધાર્થ પટેલ, અર્જુનભાઈ મોઢવાડિયા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી, પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ સાથે પાલજ તેમના ઘરે પહોંચ્યા હતા અને શાંત્વના પાઠવી હતી.

# પાલનપુરના ગુરૂનાનક ચોક વિસ્તારમાં જર્જરીત બિલ્ડિંગ અકસ્માત નોતરે તે પહેલા ઉતરાવી લેવા માંગ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં કેટલાક જર્જરીત બિલ્ડિંગો આવેલા હોવા છતાં નગરપાલિકાની આંખ આડા પગલે અનેક બાંધકામો ધમધમી રહ્યા છે. તેમ છતાં તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ જેવી સ્થિતિ સર્જાય છે. ત્યારે નગરપાલિકાના ભરવામાં આવે તેવી જનમાંગ ઉઠવા પામી છે.

પાલનપુરના ગુરુનાનક ચોક વિસ્તારમાં આવેલ આવું જ એક




બાંધકામ જર્જરિત અવસ્થામાં જોવા મળી રહ્યું છે.

પરંતુ જર્જરિત અવસ્થામાં આવેલા આ બાંધકામને ઉતરાવી લેવામાં ઢીલી નીતિ અપનાવવામાં આવી રહી છે. ત્યારે આ બાંધકામ જાનહાનિ સર્જે તેની રાહ જોવાઈ રહી છે કે કેમ તેવા સવાલો ઉઠવા પામ્યા છે.

કાન કરવાની નીતિના કારણે મોટી જાનહાની સર્જાય તેવી સંભાવના છે. તેમ છતાં પણ નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં આ બિલ્ડિંગો અકસ્માત સર્જે તેવી ભીતિ સેવાઈ રહી છે.

પાલનપુર શહેરમાં વગર મંજૂરીએ બની ગયેલા બાંધકામો સામે નગરપાલિકાની રહેમ નજરે સત્તાધીશો દ્વારા જનહિતમાં વિચાર કરીને ગેરકાયદેસર બની ગયેલા બિલ્ડિંગોને દૂર કરવાનું મન ન થાય તો કંઈ નહીં પણ પાલનપુર શહેરમાં જે જર્જરીત બિલ્ડિંગો આવેલા છે. તે બિલ્ડિંગના માલિકોને નોટિસ પાઠવી અથવા તો આવા બિલ્ડિંગો ઉતરાવી લઈ જાનહાની સર્જે તે પહેલાં પગલાં

## શ્રીજીની સવારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરના યુવાનો દ્વારા આયોજિત ગણેશ મહોત્સવની ઉજવણી પારિવારિક માહોલમાં કરવામાં આવશે. સે-૨ સી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ ગણેશોત્સવની ધામધુમપુર્વક ઉજવણી કરાશે. જે અન્વયે સમિતિના પ્રમુખ વિક્રમ દેસાઈના જણાંવ્યા મુજબ સે-૨ એ ખાતે પ્લોટ નં ૭ : ૧ માં રહેતા બાબુભાઈ પટેલ અશ્વમેઘવાળા ના નિવાસ સ્થાનેથી સવારે ૯ કલાકે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. ગણેશચોકમાં શ્રીજીની પુજા અર્ચના બાદ રાત્રિના દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાશે. બાળકો માટે રમતનો કાર્યક્રમ , હાઉસી કપલ ગેમ સહીતના કાર્યક્રમોનુ પણ આયોજન કરાયુ છે. આ ઉપરાંત ડાન્સ કાર્યક્રમ પણ યોજાશે. જયારે માહીતી ખાતાના સહયોગથી હાસ્યનો કાર્યક્રમ પણ યોજાશે. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી લોકડાયરાનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ગમ્મત ગુલાલ અને રાસ ગરબાના કાર્યક્રમમાં ભાવિકો જોડાશે. સે-૨ ઉપરાંત સે-પ બી માં પણ જય ગોગા યુવક મંડળ દ્વારા ગણેશોત્સવની ઉજવણી કરાશે. જે અન્વયે સવારે ૯ કલાકે આનંદના ગરબાનો કાર્યક્રમ યોજાશે. આ ઉફરાંત બપોરે આનંદનો ગરબો, નાટક, સુંદરકાંડ, રાસગરબા,સત્યનારાયણની ભગવાનની કથા સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આયોજકો દ્વારા સામુહિક આરતીનુ પણ આયોજન કરાયુ છે. આ માટે ઘરેથી આરતી તૈયાર કરી આવવા માટે પણ સુચન કરાયુ છે. શહેરમાં વિવિધ ૬ જેટલા સ્થળોએ ભવ્યાતિભવ્ય ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. જયારે આ ઉપરાંત સેકટરોમાં પણ વિવિધ સોસાયટીમાં પારિવારિક અને ધાર્મિક માહોલમાં શ્રીજીની પુજા અર્ચના કરી ગણેશોત્સવની ઉજવણી કરાશે. ઘરે ઘરે શ્રીજીના ઓવારણા લેવાશે. કુડાસણ, સરગાસણ સહીતના ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં પણ સોસાયટીના નામે ગણેશોત્સવની ઉજવણીનુ પણ ઘણાં ઠેકાણે આયોજન કરાયુ છે.

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલુ

તિબેટની બહાર વિશ્વમાં ૧૨૭,૯૩૫ જેટલા તિબેટિયનો વસતા હોવાનો આંકડો ભારતમાં ધર્મશાલા ખાતેના સેન્ટ્રલ તિબેટિયન એડમિનિસ્ટ્રેશને ૨૦૦૯માં કરાવેલી વસ્તીગણતરીને આધારે સત્તાવાર રીતે જાહેર કર્યો છે.જોકે અત્યારે એકલા ભારતમાં ૧૫૦,૦૦૦ જેટલા તિબેટિયન શરણાર્થી રહે છે. આમાં ભારતમાં જન્મીને ભારતીય નાગરિકતા લેનારાઓનો સમાવેશ નથી. મહદઅંશે તિબેટિયનો સ્વનિર્ભર હોય છે તેમ છતાં તેમના છ દાયકાના ભારતમાં વસવાટને કારણે ભારતીય અર્થતંત્ર પર ભારણ તો પડે જ છે. છેક ૧૯૫૯માં ભારત આવીને વસેલા દલાઈ લામા વિશ્વપ્રતિભા છે,પરંતુ એ ક્યારેય સ્વદેશ પાછા ફરી શકશે કે કેમ એ વિશે શંકા છે. જીવતેજીવ એકવાર તો વતન જવાની એમની ઈચ્છાને ચીન પરિપૂર્ણ કરાવવા તૈયાર નથી. અત્યારે મૈક્લોડગંજ ખાતે વસતા ૧૫,૦૦૦ જેટલા તિબેટિયનમાંથી દર વર્ષે મોટી સંખ્યામાં અન્ય દેશોમાં સ્થળાંતરિત થઈ રહ્યાના અહેવાલ છે.

તિબેટની આરઝી હકૂમત

ધર્મશાલામાં તિબેટના સર્વોચ્ચ ધર્મગુરુએ વર્ષ ૨૦૧૧થી ત્યાગેલા રાજકીય નેતાના હોદ્દા પર દુનિયાભરમાં વસતા તિબેટિયનો મતદાન કરીને આરઝી હકૂમત (ગવર્નમેન્ટ-ઈન-એકઝાઈલ)ના વડાપ્રધાનની વરણી થાય છે.આરએસએસના પ્રચારક, ''ઓર્ગેનાઈઝર''ના તંત્રી અને ભાજપના વિદેશ વિભાગના નેતા રહેલા શેષાદ્રિ ચારીને આ વિશે પૂછ્યું તો ચોંકાવનારી માહિતી મળી.તેમણે કહ્યું કે દલાઈ લામા અને તેમના ભારતમાં વસતા તિબેટવાસી શ્રદ્ધાળુઓ શરણાર્થી તરીકે અમુક શરતો પાળવા માટે બંધાયેલા છે. તેઓ કોઈપણ જાતની રાજકીય પ્રવૃત્તિ કરી શકે નહીં.વળી,આરઝી હકૂમત પણ સ્થાપી શકે નહીં. આમછતાં, દલાઈ લામાની નિશ્રામાં તેમની આરઝી હકૂમતના વડાપ્રધાન જ નહીં, સંસદ અને એના બીજા પ્રધાનો તેમજ ગૃહના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર સહિતના હોદ્દા તેમના વહીવટી તંત્રની સત્તાવાર વેબસાઈટ પર ઝળકે છે. સ્વયં દલાઈ લામા છાસવારે ગાંધીજીની સત્ય અને અહિંસાની વાતો કરવાની સાથે જ રાજકીય વિવાદ સર્જક નિવેદનો પણ કરે છે. ગોવામાં તેમણે કરેલા ગાંધી-નેહરુ અને ઝીણા અંગેના નિવેદન બાદ બેંગલુરુ જઈને એમણે એ વિશે ક્ષમાપ્રાર્થના કરી દીધી. અગાઉ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી વિશે પણ આવાં નિવેદન કરતા રહ્યા છે. ભૂતકાળમાં આ લેખક તેમને મુંબઈમાં ભોજન પર મળ્યો ત્યારે પણ એમણે ભારતીય રાજકારણ સંદર્ભે વાતો છેડી હતી.પોતાના અનુગામી વિશે પણ તેઓ વિવાદસર્જક નિવેદન કરે છે.ક્યારેક કોઈ મહિલા તેમની અનુગામી તરીકે ૧૫મા દલાઈ લામા તરીકે આવશે એવું પણ કહે છે. ધર્મગુરુ તરીકે અનેકોના આસ્થાસ્થાન એવા દલાઈ લામા જેવી વિભૂતિએ વિશ્વશાંતિ,અહિંસા અને ધર્મોપદેશ પૂરતું પોતાને સીમિત રાખવાની જરૂર ખરી.

- haridesai@gmail.com

## નોકરી નહી જાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

અર્થવ્યવસ્થા મંદીથી ગ્રસ્ત છે કે કેમ, મંદીને સરકાર સ્વીકારે છે કે કેમ તેના જવાબમાં સીતારામને કહ્યું હતું કે, તેઓ ઉદ્યોગના પ્રતિનિધિઓને મળી રહ્યા છે. તેમની સમસ્યા અને સરકારથી તેઓ શું ઈચ્છે છે તેના ઉપર અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. અગાઉ પણ તેઓ બે વખત કહી ચુક્યા છે અને વારંવાર આ વાત કરવા માટે ઈચ્છુક છે. નોકરીઓ ગુમાવવામાં આવી રહી છે તે અંગે સીતારામને કહ્યું હતું કે, મોટાભાગની નોકરી અસંગઠિત ક્ષેત્રમાં હોય છે અને તેમના ડેટા ઉપલબ્ધ નથી. બેંકોના મર્જર પર તેમણે કહ્યું હતું કે, અગાઉ જે મર્જર થયા છે તેના લીધે કોઈની નોકરી ગઈ નથી. કોઈ કર્મચારીઓને છુટા કરાયા નથી.

## આર્થિક કટોકટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

માંગ અને ઉપયોગમાં ગ્રોથ ૧૮ મહિનાના નીચા સ્તર પર છે. જીડીપી ગ્રોથ પણ ૧૫ વર્ષની નીચી સપાટી પર છે. આ ઉપરાંત ટેક્સ રેવેન્યુમાં પણ ઘટાડો થયો છે. નાનાથી લઈને મોટા કારોબારીઓ સુધી ટેક્સ ટેરિઝમનો ભય રહેલો છે. મૂડીરોકાણકારોમાં પણ આશંકાનો માહોલ છે. આવા સંકેતોથી જાણી શકાય છે કે, અર્થતંત્રમાં રિકવરી હાલમાં શક્ય દેખાઈ રહી નથી. મોદી સરકાર ઉપર નોકરી ઘટાડી દેવાનો આક્ષેપ કરતા મનમોહનસિંહે કહ્યું હતું કે, એકલા ઓટો મોબાઈલ સેક્ટરમાં ૩.૫ લાખ લોકોની નોકરી જતી રહી છે. આ ઉપરાંત બિનસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મોટી સંખ્યામાં લોકોની નોકરી જતી રહી છે. આનાથી નબળા વર્ગના મજુરોની સામે આજીવિકાનું સંકટ સર્જાઈ ગયું છે. ગ્રામિણ ભારતમાં સ્થિતિ બિલકુલ અલગ છે. ગ્રામિણ ખેડૂતોને તેમના પાક બદલ પૂર્ણ કિંમત મળી રહી નથી. તેમની આવકમાં ઘટાડો થઈ રહ્યો છે. મોદી સરકાર ઓછો મોંઘવારી દરને પોતાની સફળતા ગણાવી રહી છે પરંતુ આ ખેડૂતોની કિંમત ઉપર છે જે દેશની વસ્તીના ૫૦ ટકાની આસપાસ છે. લાંબી મંદીના સકંજામાં અમે દેખાઈ રહ્યા છે. દેશમાં આર્થિક કટોકટી માટે મોદી સરકાર જવાબદાર છે. સિંહે કહ્યું છે કે, અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા હાલમાં ખુબ મહેનત કરવાની જરૂર દેખાઈ રહી છે. આમાથી બહાર નિકળવામાં સસમય લાગશે. ફાઈનાન્સિયલ સર્વિસ, કૃષિ અને કન્સ્ટ્રક્શન સેક્ટરમાં મંદી દેખાઈ રહી છે. સિંહે કહ્યું હતું કે, આરબીઆઈ ખજાનામાંથી સરકાર ૧.૭૬ લાખ કરોડ મેળવી રહી છે. આરબીઆઈ પર આધારને સરકારને જંગી ટ્રાન્સફરની બાબતથી ચકાસી શકાશે. આ જંગી રકમને લઈને શું કરાશે તે અંગે હજુ કોઈ પ્લાન નથી. ઈનફોર્મલ સેક્ટરમાં નોકરી લોકોની મોટાપાયે જતી રહી છે.

## ગવર્નર તરીકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેલંગાણામાં તમિળસાંઈ સુંદરરાજનને રાજ્યપાલ તરીકે મોકલવામાં આવ્યા છે. જ્યારે ઉત્તરાખંડના વરિષ્ઠ ભાજપ નેતા ભગતસિંહ કોસિયારીને મહારાષ્ટ્રને અને દત્તાત્રેય હિમાચલ પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. હજુ સુધી હિમાચલ પ્રદેશના રાજ્યપાલ રહી ચુકેલા કાલરાજ મિશ્રાને રાજસ્થાનમાં મોકલવામાં આવ્યા છે. રાજ્યપાલની જવાબદારી મળ્યા બાદ આરીફ મોહમ્મદ ખાને કહ્યું હુતં કે, તેમને એ રાજ્યમાં સેવા કરવાની તક મળી રહી છે જેને ભગવાનના પોતાના દેશ તરીકે ગણવામાં આવે છે. જ્યાં સાંસ્કૃતિક વિવિધતા રહેલી છે તેવા દેશમાં તેમનો જન્મ થયો છે. આરીફે વંદેમાતરમના ઉર્દૂમાં અનુવાદ પણ કરીને ઉલ્લેખનીય સફળતા મેળવી છે. ઉત્તરપ્રદેશના બુલંદ શહેરમાં જન્મેલા આરીફ મોહમ્મદ કેન્દ્રીય મંત્રી રહ્યા હતા ત્યારે તેઓએ નાગરિક ઉડ્ડયનથી લઈને ઉર્જા સહિતની જવાબદારી સંભાળી હતી. ખાનને કેરળના ગવર્નર પૂર્વ ચીફ જસ્ટિસ સદાશિવમની જગ્યાએ જવાબદારી સોંપવામાં આવી છે. તેમની અવધિ પણ પૂર્ણ થઈ રહી છે. તમિળનાડુમાં પૂર્વ ભાજપ અધ્યક્ષ ૫૮ વર્ષીય સુંદરરાજન પાર્ટીના રાષ્ટ્રીય સચિવ પણ રહ્યા છે. કોશિયારી મહારાષ્ટ્રના વર્તમાન ગવર્નર વિદ્યાસાગર રાવની જગ્યા લેશે. તેમની અવધિ પણ પૂર્ણ થઈ રહી છે. દત્તાત્રેયને હિમાચલની જવાબદારી સોંપવામાં આવી છે.

## ઉપયોગ કરે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકવાદીઓને ખતમ કરવાની દિશામાં પણ અંતિમ નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. કાશ્મીરને સંપૂર્ણરીતે ભારતની સાથે જોડી દેવાનું કામ થયું છે. તમામ લોકો આ નિર્ણય સરકારની સાથે દેખાઈ રહ્યા છે પરંતુ કેટલાક લોકો આનો પણ વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસે કલમ ૩૭૦ને દૂર કરવાનો વિરોધ કર્યો હતો. આજે પણ રાહુલ ગાંધી જે નિવેદન કરે છે તેની પાકિસ્તાનમાં જોરદાર પ્રશંસા કરવામાં આવે છે. તેમના નિવેદનને પાકિસ્તાન પોતાની અરજીમાં સામેલ કરે છે. કોંગ્રેસી નેતાઓને શરમજનક સ્થિતિમાં મુકાઈ જવાના બદલે વિરોધ

કરવાની ટેવ હજુ પણ જઈ રહી નથી. મોદીએ આ વખતે જળશક્તિ મંત્રાલયની શરૂઆત કરી છે. આ મંત્રાલય ડેમની ક્ષમતાના વિસ્તાર, ઘરો, ગામ વિસ્તારો અને ખેતરોમાં પાણીની વ્યવસ્થા કરશે. ખેડૂતોને ઓછા પાણીમાં વધુ સુવિધા મળે તેવી ટેકનોલોજીને વધારવામાં આવનાર છે. જળશક્તિ મંત્રાલય દરેક ઘરને સંપૂર્ણ બનાવવાની દિશામાં છે. મોદી વડાપ્રધાન બન્યા બાદ દરેક વ્યક્તિને ઘર અને દરેક ઘરમાં શૌચાલય, વિજળી અને આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ આપવામાં આવી રહ્યા છે.

## સંયુક્ત બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સંયુક્ત બેઠકમાં આગામી માસમાં આવનારા મહત્વના કાર્યક્રમો ખાસ કરીને ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીને લઈ જિલ્લાવાર આયોજનની રૂપરેખા વિશે પણ માહિતગાર કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં કિસાન યોજનાઓના અમલીકરણ અંગે પણ ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે. સરકાર દ્વારા મહેસુલી પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે પણ ખાસ સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## સુધારો થયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, વરસાદી પાણીની લાઈનની સફાઈ, ગટરની સાફસફાઈના કામો હાથ ધરાયા હતા. જેમાં અમદાવાદમાં ૬૮૫, અમરેલીમાં ૮૧૦, આણંદમાં ૧૧૮૪, અરવલ્લીમાં ૧૦૮૫, બનાસકાંઠામાં ૧૦૧૯, ભરૂચમાં ૯૭૭, ભાવનગરમાં ૧૦૩૫, બોટાદમાં ૬૦૨, છોટાઉદેપુરમાં ૭૯૮, દાહોદમાં ૧૩૩૨, દેવભુમિ દ્વારકામાં ૧૦૨૧, ગાંધીનગરમાં ૬૦૧, ગીર સોમનાથમાં ૪૪૨, જામનગરમાં ૯૧૨, જુનાગઢમાં ૬૧૯, કચ્છમાં ૧૫૬૮, ખેડામાં ૧૩૫૬, મહેસાણામાં ૬૯૨, મહિસાગરમાં ૯૨૨, મોરબીમાં ૪૨૦, નર્મદામાં ૮૦૬, નવસારીમાં ૪૨૭, પંચમહાલમાં ૧૮૨૯, પાટણમાં ૧૦૪૬, પોરબંદરમાં ૨૬૦, રાજકોટમાં ૧૧૫૨, સાબરકાંઠામાં ૧૯૨૮, સુરતમાં ૭૯૮, સુરેન્દ્રનગરમાં ૭૧૩, તાપીમાં ૭૩૦, ડાંગમાં ૫૭૮, વડોદરામાં ૭૫૧, વલસાડમાં ૧૩૧૮ મળી કુલ ૩૦૪૧૬ કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, નાગરિકો-ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે આ અભિયાન માનવીય સંવેદનાથી હાથ ધર્યુ હતું. જેને સૌ નાગરિકોએ ઉન્માદપૂર્વક વધાવી લીધુ છે જેના પરિણામે જ આ અપ્રતિમ સફળતા મળી છે. રાજ્યના સૌ નાગરિકો કુદરતના પ્રસાદ સમા પાણીનો પણ કરકસર પૂર્વક ઉપયોગ કરીને જળસંચયના આ કામને વધુને વધુ સુદ્રઢ બનાવે એ માટે હ્રદયપૂર્વકની અપીલ તેમણે કરી છે.

ગુજરાત સુજલામ સુફલામ જળ અભિયાનથી દેશમાં જળક્રાંતિનું રાહબર બનશે અને 'હર ખેત કો પાની'નો મંત્ર સાકાર કરી જળક્રાંતિ સાથે હરિતક્રાંતિની આગેવાની લેશે એમ પણ મુખ્યમંત્રીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું છે.

## અવસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્દીઓના હ્દયમાં આગવુ સ્થાન મેળવ્યુ હતુ. તેમની અંતિમયાત્રામાં પણ મોટી સંખ્યામાં ભાવિકો તેમજ નગરના અગ્રણીઓ , ડોકટરો , વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સદગતનુ બેસણુ આગામી ગુરુવારે સે-૧૨ સ્થિત ઉમિયા વાડીમાં સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન રાખવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં વર્ષોથી સે-૨૨ સ્થિત કલીનિકમાં ગાયનેક ડોકટર તરીકે દર્દીઓને સેવા આપતા ડો પ્રદિપ ભાવસારનુ ટુંકી માંદગીના અંતે ૫૬ વર્ષની વયે અવસાન થતા મેડિકલ વર્તુળમાં શોકની લાગણી વ્યાપી હતી. તેમના પત્ની પ્રતિબેન ભાવસાર પુત્ર ડો રાજ ભાવસાર, ડો પુજા ભાવસાર સહીત પરિવારજનોને વિલાપ કરતા મુકી ગયા છે. શહેરમાં લાંબા સમયથી ડોકટર તરીકે દર્દીઓની સેવા કરતા આ સાચા બોલા ડોકટરના નિધનથી તબીબી આલમમાં પણ આંચકો લાગ્યો છે. તેમના મિત્ર અને સ્નેહી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો અનિલ ચૌહાણે પણ તેમના અવસાન બદલ દુખની લાગણી વ્યકત કરી છે. તેમણે જણાંવ્યુ હતુ કે ડો પ્રદિપ ભાવસાર ઈન્ડિયન મેડિકલ એસોસિએશના પ્રમખ તરીકે બે વાર ચુંટાયા હતા. આ ઉપરાંત આઈ એમ એમાં સતત ૧૦ વર્ષ સુધી એડવાઈઝરી કમિટીના બોર્ડમા પણ હતા. સિવિલ રોગી કલ્યાણ સમિતિના પણ તેઓ સભ્ય રહી ચુક્યા છે. આ ઉપરાંત નેશનલ મેડિકોલ ઓર્ગેનાઈઝેશનમાં પણ છેલ્લા ૧૫ વર્ષથી પ્રમુખ તરીકે સેવા આપી હતી. ગાંધીનગરના સિવિલ કેમ્પસમાં પણ સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે તેમના દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવતો હતો. તેમણે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ડોકટર્સની ડિરેકટરી પણ પ્રસિધ્ધ કરાવી હતી. ડોકટરોની પ્રથમ ડિરેકટરી તૈયાર કરવાનુ ઉમદા કામ પણ કર્યુ હતુ. જયારે ધનતેરસના દિવસે પણ તેમના દ્વારા દર્દીઓના હીતમાં ધનવંતરી પુજન કરવામાં આવતુ હતુ. હરિયાળીને નિખારવા માટે પણ તેઓ જાગૃત હતા તેમના દ્વારા વૃક્ષારોપણ પણ વિશેષ કરવામાં આવતુ હતુ.

## ચંદ્રયાન-૨

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે અમે આ પહેલા ચંદ્રની ભૂમધ્ય રેખા પાસે ઉતરી ચૂક્યા છીએ પરંતુ દક્ષિણ ધ્રુવ પર ક્યારેય નથી ગયા. દક્ષિણ ધ્રુવ અમારા માટે ખાસ છે. કારણ કે અહીં બરફ મળવાની આશા છે. જો અહીં બરફ મળે તો તેનાથી ઓક્સિજન અને હાઈડ્રોજન મેળવી શકાય છે. ચંદ્રની પરિસ્થિતિ વિશે તેમણે કહ્યું કે ત્યાં રહેવું ખૂબ મુશ્કેલ છે. ત્યાં ભારે પ્રમાણમાં રેડિએશન છે. દિવસના સમયે ત્યાં તાપમાન ૧૦૦ ડિગ્રી પાર પહોંચી જાય છે.